# મહેસાણાની આનંદ નિકેતન સ્કૂલના બાળકોએ વ્હીલચેર બનાવીને કાઠું કાઢ્યું

તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલા ત્રણ દિવસિય સીબીએસસીની રાષ્ટ્રીય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં મહેસાણાની આનંદ નિકેતન સ્કૂલના બાળકોએ કાઠું કાઢીને સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે અને આ દીવ્યાંગો માટેના પ્રોજેક્ટમાં વ્હીલચેર બનાવવાની પ્રેરણા તેના મિત્રના ફેકચરને ધ્યાન પર લઈને બનાવામાં આવી હતી.




## સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો

એક કહેવત છે કે જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી. આ ઉકતીને મહેસાણાના આ ભૂલકાઓએ સાર્થક કરી બતાવી છે તેમના અનુભવના આધારે આજે તેમણે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ધો.૮ના આ બે વિદ્યાર્થીએ વિકલાંગો માટે બનાવેલી વ્હીલચેર પ્રોજેક્ટ દિલ્હી ખાતે રજૂ કર્યો હતો. રાષ્ટ્રીયસ્તરે પહોંચેલા આ પ્રોજેક્ટની પ્રેરણા તેમના મિત્રનો પગ ભાગી જતા તે શાળામાં જઈ શકતો ન હતો અને ઈન્ટરનેટમાં નાસાની ડિઝાઈન પરથી વિચાર આવતા વિકલાંગો માટેની આ વ્હીલચેર બનવામાં આવી છે. આ પ્રોજેક્ટ થકી દેશમાંથી સીબીએસસીની ૪૦૦ સ્કૂલોએ અલગ અલગ કેટેગરીમાં ૪૫૧ કરતા વધુ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. તેમાંથી તે ગુજરાત નહી પરંતુ ભારતમાં પ્રથમ આવ્યા જે તેમને હાલમાં સર્ટીફીકેટ સહિતથી બિરદાવામાં આવ્યા છે, તેમ મિતેશ સંઘવી ડીરેક્ટર શાળાએ જણાવ્યું હતું. મહેસાણા શહેરની આ આંનદ નિકેતન સ્કૂલના ધો.૮ના આ વિદ્યાર્થી રોહન પટેલ અને દેવદત્ત પટેલ દ્વારા આ પ્રોજેક્ટ માટે લગભગ ૬ માસ કારતા વધુની મહેનત કરી હતી અને આ પ્રોજેક્ટ બનાવવાની પ્રેરણા તેમણે તેમના મિત્રને ફેક્ચર થયું હોઈ સ્કૂલમાં ત્રીજા માળે અભ્યાસ માટે જઈ શકતો ન હતો અને તે વિચાર પરથી અલગ પ્રકારની વ્હીલચેર બનાવવાનો વિચાર શરુ કર્યો હતો. શિક્ષક પાસે પ્રેરણા સાથે સહકાર સહિત માર્ગદર્શન મેળવીને દિવ્યાંગ વ્યક્તિ માટે સરળતાથી સીડી પર ચઢી શકાય તેવી વ્હીલચેર બનાવી હતી અને આ પ્રોજેક્ટનું નામ સક્ષમ આપ્યું હતું. જે વ્યક્તિ પગ થકી અને શરીર થકી દિવ્યાંગ છે અને તે અસક્ષમ હોય તેની માટે આ પ્રોજેક્ટ આશીર્વાદ રૂપ બન્યું છે. વ્હીલચેરની વિશેષતા એ છે કે દિવ્યાંગ વ્યક્તિ કોઈની પણ મદદ વગર તે ઉપયોગ કરી શકે છે. બજારમાં આવી આધુનિક વ્હીલચેરની કીમત ખુબ મોટી હોય છે. જ્યારે આ વ્હીલચેર બનાવવા માટે આ વિદ્યાર્થીઓએ નજીવા દરે બનાવીને દિવ્યાંગ બાળકોને પણ સક્ષમ કરીને સમાજને ઉપયોગી કામ કરી બતાવ્યું છે.

# ભિલોડાના નારસોલી ગામમાં એકલિંગજી દાદાના નિર્માણાધિન મંદિરમાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પધરામણી

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારસોલી ગામમાં પવિત્ર શિવભુમી, કૈલાશભુમી નારસોલી મધ્યે એકલિંગજી દાદાના નિર્માણાધિન મંદીરમાં શ્રીમદ્ ભાગવતાભુષણ પરમશ્રધ્ધેય, શ્રીમદ્ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા આશીર્વચન આપવા તા.૨૪/૨/૨૦૧૮ ને શનીવારના રોજ સાંજે ૫ વાગ્યે પધરામણી સંદર્ભે ભાવિક ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી છે.ભાવિક ભક્તોને આશીર્વચનનો લાભ લેવા અનુરોધ કરાયો હતો. નારસોલી શ્રી એકલિંગજી ટ્રસ્ટ પ્રમુખ લાભશંકર જોષી, ઉપપ્રમુખ પ્રભાશંકર પંડ્યા, બિપીનચંદ્ર પાઠક, હરવદનભાઈ ઉપાધ્યાય, મહેશભાઈ જોષી, ગુણવંતભાઈ ત્રિવેદી, જીતભાઈ ત્રિવેદી સહિત સેવાભાવી કાર્યકરો, નારસોલી-નારણપુર વિસ્તારના ગ્રામજનો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.



# ભિલોડાના માંધરી ખાતે દક્ષિણ બારેશી આંજણા-ચૌધરી પટેલ સમાજનો ચૌદમો સમુહ લગ્નોત્સવ યોજાશે

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લામાં ભિલોડાના માંધરી ખાતે આગામી ૧૮મી ફેબ્રુઆરી, રવિવારે દક્ષિણ બારેશી આંજણા-ચૌધરી પટેલ સમાજનો ચૌદમો સમુહ લગ્નોત્સવનું આયોજન થતા તેની તડામાર તૈયારીઓ આરંભાઈ ગઈ છે.

દક્ષિણ બારેશી આંજણા-ચૌધરી પટેલ સમાજ-સમુહલગ્નોત્સવ સમિતિના પ્રમુખ, મંત્રી સાથેની વાતચીત મુજબ આ ચૌદમો સમૂહ લગ્નોત્સવ છે. જેમાં ૧૯ જેટલા નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે. સમાજના સૌ ભાઈબહેનો અને આગેવાનોન, વિવિધ સર્વઓના દાતાઓના સાથ સહકારથી સતત ચૌદમો સમૂહ લગ્નોત્સવ યોજાઈ રહ્યો છે. ભોજનદાતા માંધરીના શ્રીમતી કોદરીબેન સાયબાભાઈ કહનાભાઈ પટેલ પરિવાર છે જ્યારે છાસ દાતા સાબરડેરી ડિરેક્ટર જેસિંગભાઈ પટેલ છે. આ ઉપરાંત અન્ય દાતાઓ તરફથી વિવિધ દાન સહયોગ સાંપડ્યો છે. આવા સમુહ લગ્નોત્સવને સફળતાપૂર્વક પાર પાડી સૌના સાથ સહકારથી દર વર્ષે થતા આયોજને સાચે જ સમાજમાં એકતા અને સંગઠનની ભાવના બળવત્તર બનતા અન્યને પણ પ્રેરણા મળી રહી છે.

# ...લો બોલો, આખરે નિશાન સુધારી દોડાદોડ કરી

## પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારને નિશાન ભૂલાતા સુધારા નિશાન માટે દોડાદોડ : સાઈકલના નિશાનનો પ્રચાર કર્યો ને છેલ્લી ઘડીએ પંપ નીકળતા સાઇકલ પાછળ પંપનો પ્રચાર કરવો પડ્યો

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં-૪ના એક અપક્ષ ઉમેદવારે પોતાને ટેસ્ટીંગનો પ્રોગ્રામ તાજેતરમાં કરવામાં આવતાં ઈવીએમ મશીનમાં તેમનું નિશાન 'પંપ' નિકળતાં આ ઉમેદવાર હાલ તો સાઈકલ નિશાનવાળા બેનરો




ફાળવેલ નિશાન ભૂલ કરતાં પ્રચારની છેલ્લી ઘડીએ દોડાદોડ કરી અસલ નિશાનની જાહેરાતોના બેનરો તથા મતદારોના મનમાં નિશાન ઉતારવા મથામણ કરવી પડી.

પ્રાંતિજ વોર્ડ નં-૪માં અપક્ષ ઉમેદવારી કરનારા એક ઉમેદવારે પોતાનું નિશાન સાઈકલ રાખેલ છે. જેનો પ્રચાર સાહિત્ય તેમજ મોટા મોટા બોર્ડ લગાવ્યા હતાં પરંતુ ઉમેદવારોના મશીન સાહિત્ય સુધારી પ્રચારના આખરી તબક્કામાં દોડાદોડ કરી રહ્યો છે અને કહે છે કે સાઈકલ નહીં બસ હવે તો 'પંપ' તો હાલ તો સાઈકલ પંપની ચર્ચા ચોરે અને ચૌટે થવા માંડી છે. તો સાઈકલનું ચિન્હ કોઈ પાર્ટીનું ચિન્હ હોવાથી પહેલાથી ચિન્હ સાઈકલનું ચિન્હ મળે તે હતું નહીં પણ હાલ તો ઉમેદવાર ચિન્હ ભુલ કરતાં સાઈકલના પંપને બદલે સાઈકલનો પ્રચાર કરી દેતાં છેલ્લી ઘડીએ દોડતા થયાં છે.

# ભિલોડામાં ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો

ભિલોડા,તા.૧૫

ભિલોડામાં ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો છે. રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ અને સત્તાધિશો કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડાના હાર્દસમા કોમર્શીયલ અને રેસીડેન્ટ વિસ્તારોમાં બિલાડીના ટોપની માફક કાયદાની એૈસી-તૈસી કરી ગેરાયદેસર દબાણોનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં ખુલ્લા માર્જીનની જગ્યાઓ સાંકડી બનતાં રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા-શામળાજી-ઈડર ધોરીમાર્ગ ઉપર ખુલ્લા માર્જીનની જગ્યાઓમાં દબાણોનું પ્રમાણ વધતાં વહીવટી તંત્ર ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી કરવા સંદર્ભે જાગૃત પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડામાં ભુલવણી વિસ્તાર, ઉમીયાનગર સોસાયટી, શાંતિનગર સોસાયટી,શ્રીનાથ સોસાયટી, ગોવિંદનગર વિસ્તાર, ચોકલી ચોક વિસ્તાર સહિત વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો પ્રમાણ વધતાં ભારે મુશ્કેલી સર્જાય છે.ભિલોડામાં ઠેર-ઠેર રસ્તાઓ પૈકીના વ્યાપક દબાણો અડીંગો અમુક ઈસમોએ વર્ષોથી જમાવ્યો છે. રેસીડેન્ટ એન.એ.માં કોમર્શીયલ બાંધકામ પણ ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે. ભિલોડામાં ઠેર-ઠેર મકાન માલીકો ધ્વારા પ્લોટની જગ્યા સિવાય ખુલ્લા માર્જીનની ખુલ્લા ભોગવટાની જગ્યાઓ અને કોમન પ્લોટોમાં પાકા બાંધકામ કરી દેવાતાં રસ્તાઓ ખુબ સાંકડા બન્યા છે. ગેરકાયદેર દબાણ કરતા ઈસમોને વહીવટી તંત્ર ધ્વારા બાંધકામની મંજુરી ક્યા હેતુસર આપવામાં આવે છે તેની અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

ભિલોડા ગામના બુધ્ધિજીવી જાગૃત નાગરીકએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર દબાણો વહીવટી તંત્ર અને સત્તાધિશો ધ્વારા સત્વરે હટાવવામાં નહી આવે તો ગાંધીચીધ્યા માર્ગે લડત આપવાનું રણશીંગુ ટુંક સમયમાં ફુંકવામાં આવશે તેમ જણાવ્યું હતું. અધધધ! દબાણોને કારણે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. ગેરકાયદેસર દબાણોના કારણે વર્ષોથી ટ્રાફીકની વિકટ સમસ્યા હલ થતી નથી.





## ડીસા હાઇવે પર અકસ્માતથી હંગામો

બનાસકાંઠાના વેપારી મથક ડીસામાં માર્કેટયાર્ડ સર્કલ,દિપક હોટેલ સર્કલ,જલારામ અને ગાયત્રી મંદિર સર્કલ અકસ્માત ઝોન જેવા બની ગયા છે. આવી સ્થિતિમાં ગતરોજ ડીસાના માર્કેટયાર્ડ સર્કલ નજીક બાઈક અને ટ્રક વચ્ચે વધુ એક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ ની ટીમે તુરંત ઘટનાસ્થળે પહોંચી જઈ ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો. આ અકસ્માતના પગલે ટ્રક ચાલક અને બાઈક ચાલક વચ્ચે બોલાચાલી થતા મામલો બીચકયો હતો.જોકે પોલીસે તુરંત ઘટના સ્થળે પહોંચી જઈ મામલાને થાળે પાડ્યો હતો.

# થરાદમાં સેવાભાવી સંગઠનો દ્વારા પાગલોને ચકાચક કરાયા

થરાદ,તા. ૧૫

થરાદ નગરના હાઈવે તથા શોપિંગ સેન્ટરો તથા નગરની સોસાયટીઓના ખુણાના વિસ્તારોમાં અને અનેક માનસિક વ્યક્તિઓ અર્ધપાગલ અવસ્થામાં મેલાં કપડા તથા વધેલી હજામત સહિત શારીરિક સ્વચ્છતાના ખરાબ હાલતમાં જીવી રહ્યા છે. મંગળવારે શહેરના જલારામ ઉત્પાદન તથા યુવક મંડળ તથા લોકસેવા સંગઠનના યુવકો દ્વારા માનવસેવાની સરવાણી વહાવતાં શહેરમાં રહેતી આઠ જેટલી આવી વ્યક્તિઓને શોધી કાઢવામાં આવી હતી.

તેમજ તેમને નવરાવીને વધેલ હજામત કરાવી ચીંથરેહાલ કપડાં કાઢીને તેના બદલામાં નવા કપડાં પહેરાવવામાં આવ્યા હતા તથા તેમને ખાવા-પીવાનું પણ આપવામાં આવ્યું હતું. આમ નગરના સેવાભાવી દ્વારા અર્ધપાગલ વ્યક્તિઓની સેવા કરીને શિવરાત્રિના પાવન પર્વની અનોખી રીતે ઉજવણી કરીને જનસેવા એ જ પ્રભુસેવાની કહેવતને પણ સાચા અર્થમાં સાર્થક કરી માનવતા મહેકાવવામાં આવી હતી.

# ધાનેરામાં રામેશ્વર મહાદેવના મંદિરે ભાંગ પ્રસાદનું વિતરણ કરાયું

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં આવેલા રામેશ્વર મહાદેવ ના મંદિરે વિધુત બોર્ડ ના કર્મચારીઓ ધ્વરા ભંગ ના પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા ની જનતાએ પ્રસાદ નો લાભ લઈ ભગવાન શિવ ના દર્શન કર્યા હતા.

## મોડાસા શહેરમાં માનવતા મહેકી

# મોડાસાના જીવદયાપ્રેમી ટીમે માનસિક અશક્ત યુવાનના હાથમાં સડો થતા સારવાર કરાવી

સમગ્ર દેશ-દુનિયામાં અને રાજ્ય સહીત અરવલ્લી જિલ્લામાં ૧૪ ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં પ્રેમની અભિવ્યક્તિ કરવા યુવાનોના હૈયા હિલોળે ચડ્યા હતા. બીજી બાજુ મોડાસામાં જીવદયાપ્રેમી ટીમના સદશ્યો આખા વર્ષ દરમિયાન બીમાર અને ઈજાગ્રસ્ત અબોલ પશુ-પંખીને સારવાર આપી તેમના પ્રત્યે પ્રેમની અભિવ્યક્તિ કરતા હોય છે.



૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે ની સાંજના સુમારે મોડાસા શહેરમાં માનવતારૂપી પ્રેમની ઘટના જોવા મળી હતી. મોડાસા નગરમાં માનસિક રીતે અસ્વસ્થ યુવાનના હાથના ભાગે અગમ્ય કારણોસર ઈજાગ્રસ્ત થયા બાદ યોગ્ય સારવારના અભાવે હાથમાં સડો થઈ ઘા માં કીડા પડતા અને દુર્ગન્ધ સાથે અસહ્ય પીડાથી પીડાતો હોવાથી તેની નજીકથી પસાર થતા રાહદારીથી માનસિક અસ્વસ્થ યુવાનની પીડા ન જોવાતા મોડાસા શહેરના જીવદયાપ્રેમી તરીકે જાણીતા નિલેશભાઈ જોશીને ફોન કરી સમગ્ર હકીકત જણાવતા નિલેશભાઈ જોશી તેમની ટીમ સાથે તાત્કાલિક દર્દથી પીડાતા યુવાનના સ્થળ પર પહોંચી જઈ ગરીબ માનસિક રીતે અશક્ત વ્યક્તિને સરકારી હોસ્પિટલ ખસેડી અને તેની સારવાર કરાવી તકલીફમાં રાહત મળે તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા. તેમજ રોડ પર ફરતા બીમાર શ્વાન પર નજર પડતા પશુ ચિકિત્સકને બોલાવી તેનો પણ ઈલાજ કરવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. ખરેખર લોકો રોઝ ડે અથવા તો અન્ય કોઈ પણ દિવસો પાછળ લાખો-કરોડોનો ધુમાડો કરે છે એના કરતા જીવદયાના ઉમદા કાર્યો માટે પોતાનું દાન આપે તો ચોક્કસ આ દેશમાં માનવતા ઉભરાઈ આવે અને કોઈ ગરીબ અથવા પ્રાણીને તકલીફ ન પડે.



## નેત્રામલી પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

નેત્રામલી પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા ધોરણ.૧ થી ધોરણ.૮ ના ૧૫૦ બાળકોનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. સરદાર સરોવર અને પોઈચાનો શૈક્ષણિક પ્રવાસનો તમામ ખર્ચ નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ પદમાબેન પટેલ, પુર્વ સરપંચ નિલેશભાઈ પટેલએ આપ્યો હતો. પ્રવાસમાં શિક્ષકો, મધ્યાહન ભોજન કેન્દ્રના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

# પીલુદ્રા પાટીયા પાસે બાઈકચાલકે બસ ડ્રાઈવરને માર મારતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા પાટીયા પાસેથી મંગળવારે પસાર થઈ રહેલ રાજસ્થાન નિગમની બસના ડ્રાઈવરને એક બાઈક ચાલકે ઉભા રાખી માર મારી રૂ. ૧૫ હજારનું બસને નુકશાન કર્યાની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે કૈલાસચંદ્ર નાનુરામ બામ્ભીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ રાજસ્થાન પથ પરીવહન નિગમની બસ લઈ મંગળવારે પીલુદ્રા પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક નં. જીજે.૨. સીસી. ૬૩૭૦ તથા જીજે.૦૯.બી.૮૪૫૬ પર આવેલા ચાર અજાણ્યા ઈસમોએ બસ નં. આરજે.૨૭.પીએ. ૬૫૭૩ને ગેરકાયદે રોકી અવરોધ ઉભો કરી બસના ડ્રાઈવરને તથા અન્ય એકને માર મારી ઈજા પહોંચાડી બસનું વાઈપર તથા બે કાચ તોડી નાખી ૧૫ હજારનું નુકશાન કર્યુ હતુ. કૈલાસચંદ્ર બામ્ભીએ તેમની વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ નાના ઠાકોરવાસ વિસ્તારમાં ચૂંટણીને પગલે બેનરો લાગ્યા

## ઉમેદવારો કે કોઇ પણ પાર્ટીના લોકોએ દારૂ કે ચવાણું કે રોકડાની લાલચ આપવી નહીં

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નાના ઠાકોર વાસ




વિસ્તારમાં રહેતાં ક્ષત્રિય ઠાકોર સમાજના લોકો દ્વારા નગરપાલિકાની ચૂંટણીને લઈને પોતાનાં વિસ્તારોમાં બેનરો લગાવવામાં આવ્યાં હતાં અને કોઈ પણ પક્ષ કે ઉમેદવારોએ દારૂ ચવાણું કે રોકડા કે લાલચ આપવા આવવું નહીં.

પ્રાંતિજ નાની ભાગોળ વોર્ડ નંબર- ૩ માં આવેલ નાના ઠાકોર વાસ વિસ્તારમાં રહેતાં ક્ષત્રિય સમાજના રહિશો દ્વારા પોતાનાં વિસ્તારોમાં પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીને લઈને બેનરો મારવામાં આવ્યા છે કે સમગ્ર નાના ઠાકોર વાસ ખાતે અમારા વિસ્તારમાં કોઈપણ પાર્ટી અને કોઈપણ ઉમેદવારો કે ઉમેદવારોના લોકોએ દારૂ કે ચવાણું કે રોકડા લઈને કે લાલચ આપવા માટે આવવું નહી અને જો કોઈ આવશે તો પકડાઈ જશે તો તેની જવાબદારી તેની પોતાની રહશે અને દર વખતે ચૂંટણીઓમાં અમારા સમાજને દારૂની કોથળી અને મુઠ્ઠી ચવાણું આપીને બદનામ કરવાની સાથે સમાજના યુવાનોને બગાડવામાં આવે છે. જેથી સમસ્ત નાના ઠાકોર વાસ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. અને તેમના વિસ્તારમાં બેનરો મારવામાં આવ્યા છે.

# હિંમતનગરમાં પૂ. ભાઈશ્રીની ભાગવત કથાનું ભવ્યાતિ ભવ્ય આયોજન

હિંમતનગર, તા. ૧૫

ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલી સાબરકાંઠા જિલ્લાની ગૌરવવંતી શિક્ષણ સંસ્થા રોટરી સરસ્વતી વિદ્યામંદિરના લાભાર્થે હિંમતનગર ખાતે ૨૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત કથાનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કારલક્ષી કેળવણીથી તાલીમબદ્ધ થયેલી શિક્ષણ સંસ્થાના વિકાસાર્થે સાબરકાંઠા જિલ્લામાં પ્રથમવાર યોજાઈ રહેલી શ્રીમત ભાગવત કથાના આયોજનની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પૂ. ભાઈશ્રીની શ્રીમદ્ ભાગવત કથાના આયોજનને પ્રભાવપૂર્ણ તેમજ ગૌરવપ્રદ બનાવાર્થે રોટરી સરસ્વતી વિદ્યામંદિરના પ્રમુખ જે.ડી. પટેલના નેતૃત્વમાં રચાયેલી વિવિધ કમિટીઓએ અસરકારક ટીમવર્કથી જવાબદારીઓ સંભાળી લીધી છે.

પ્રમુખ જે.ડી. પટેલના જણાવ્યાનુસાર કથા મહોત્સવમાં સંતો, મહંતો, શિક્ષણપ્રેમી, દાનવીરદાતાશ્રીઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણી, સામાજીક સંસ્થાઓના આગેવાનો, રાજકીય આગેવાનો, સારસ્વતો અને સંનિષ્ઠ કેળવણીકારોને તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓને આમંત્રિત કરવામાં આવેલ છે. શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્યાતિ ભવ્ય આયોજન રોટરી સરસ્વતિ વિદ્યામંદિરના ભવનને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના ઉદ્દેશથી કરાયુ હોવાની જાણ થતાં જ સમગ્ર ઉત્તર ગુજરાતથી શિક્ષણપ્રેમી દાનવીરો દાતાઓએ ઉત્સુકતાથી દાન આપવાની તૈયારી બતાવી છે.